ગાંધીનગર સમાચાર

ચૂંટણી તાલીમના કાર્યક્રમોનાં લીધે દિવાળી વેકેશન બગડશે

# રામ સુથારે ગાંધીનગર માટે આ બીજી પ્રતિમા બનાવી

**સરદાર પટેલની આ પ્રતિમા તૈયાર કરવા માટે ૧૦ મહિનાની મહેનત**
**સ્વર્ણિમ પાર્કમાં સરદારની પ્રતિમાના અનાવરણની તૈયારી પૂરજોશમાં**



ગાંધીનગર, તા. ૨૮

સાડા નવ ટન જેટલું વજન ધરાવતી ૩૦ ફૂટની ઊંચાઈ ધરાવતી સરદાર સાહેબની પ્રતિમા આજે ગાંધીનગરના સ્વર્ણિમ પાર્કમાં આવી પહોંચી છે.



૩૧મી ઓક્ટોબરના રોજ આ પ્રતિમાનું અનાવરણ રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે થવાનું છે. આ માટેની તૈયારીઓ તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી છે.

આ પ્રતિમા તૈયાર કરનાર રામ સુથાર અને અનિલ સુથારે ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે દસ મહિનાની મહેનત બાદ આ પ્રતિમા તૈયાર કરવામાં આવી છે.

૫૮ જેટલા ભાગોમાં તૈયાર કરી અને પછી આખી પ્રતિમા તૈયાર કરવામાં આવી છે. આ પ્રતિમા તૈયાર કરવા માટે ૧૦૦થી પણ વધુ ફોટોગ્રાફસનો સ્ટડી કર્યો હતો.

અનિલ સુથાર અને રામ સુથારે જણાવ્યું હતું કે તેમના દ્વારા તૈયાર થયેલ વિવિધ પ્રતિમાઓ વિશ્વના ૩૦૦થી વધુ શહેરોમાં છે.

તેમણે કહ્યું કે સ્ટેચ્યુ ઓફ યુનિટીના મોદીજીના સંકલ્પને લઈ પહેલાં તેમણે ત્રણ ફૂટની પ્રતિમા સરદાર સાહેબની બનાવી હતી. જે પ્રતિમા આ પછી સરદાર સરોવર નિગમમાં રચાયેલ ટ્રસ્ટના અધિકારીઓને પણ બતાવી હતી.

આ પછી ૨૦૧૪માં આ પ્રતિમા બનાવતા પહેલા ૧૮ ફૂટની એક પ્રતિમા બનાવી. આ પ્રતિમા બાબેનમાં રાખી ઈતિહાસકારો પાસેથી તેમજ અન્ય લોકો પાસેથી સૂચનો મેળવ્યા. તેમાં મળેલા સૂચનોને પગલે થોડાક ફેરફાર કર્યા અને આજે ૩૦ ફૂટની આ પ્રતિમા તૈયાર કરવામાં આવી છે.

રામ સુથાર આમ તો ધૂલિયાના છે તેમના માતા ગુજરાતી બોલતા હતા. મુંબઈમાં શિક્ષણ લીધુ અને ત્યાર બાદ ઈલોરામાં પણ કામ કર્યુ. આ ઉપરાંત ભારત સરકારના ડી.એ.વી.પી. એકમમાં પણ થોડોક સમય કામ કર્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા તંત્ર ચૂંટણી તૈયારીમાં વ્યસ્ત

**કલેક્ટરે આજે તંત્રના ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની બેઠક બોલાવી**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રીએ આજે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે નિયુક્ત કરાયેલ ચૂંટણી અધિકારીઓ તથા મદદનીશ ચૂંટણી અધિકારીઓની એક મહત્વની બેઠક બોલાવી છે.

જિલ્લા પોલીસ વડાની ઉપસ્થિતિમાં મળનાર આ બેઠકમાં ચૂંટણીની તૈયારીની સમીક્ષા તેમજ સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો નિયત કરવાના માપદંડ ઉપરાંત પોલીસ બંદોબસ્ત પ્લાન સહિતના મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવશે.

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગે તંત્રએ તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. હાલ મતદાન મથકોની ચકાસણી લગભગ પૂર્ણ થઈ ગઈ છે. આ ઉપરાંત અન્ય તૈયારીઓ પણ તંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવી છે.

મળતી વિગતો મુજબ જિલ્લા તંત્ર દ્વારા આગામી દિવસોમાં મતદાર જાગૃતિ અભિયાન હાથ ધરવાનું આયોજન પણ આજની બેઠકમાં તૈયાર કરી દેવામાં આવશે. આ ઉપરાંત ચૂંટણીની ફરજ પર નિયુક્ત થનાર કર્મચારી અધિકારીઓને તાલિમ બદ્ધ કરવા અંગેના મુદ્દે પણ ચર્ચાઓ થશે. દિપાવલી બાદ તુરત જ આ તાલિમ કાર્યક્રમ યોજવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારીઓ તંત્ર દ્વારા પૂરજોશમાં આરંભી દેવામાં આવી છે અને દિપાવલી બાદ તે વધુ વેગીલી બનશે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ખાસ કંટ્રોલરૂમ પણ બનાવવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

# શહેરની ફુટપાથો કંગાળ હાલતમાં

**કરોડોના ખર્ચ પર પાણીઢોળ : ફુટપાથ પર ગંદકી અને ગાબડા જાળી જાંખરા ઉગી નિકળતા મોર્નિંગ વોકર્સમાં પણ ઘોર નારાજગી : વોક-વે ની જાળવણીના નામે મીંડુ**

ગાંધીનગર તા ૨૮

શહેરના માર્ગોની આસપાસ ફુટપાથની આભા ઉભી કરવા કરોડો રૂપિયનો ખર્ચ કરવામાં આવ્યો છે. તબક્કાવાર હાથ ધરાયેલી ફુટપાથની કામગીરીના અંતે બાકી રહેતા રસ્તાઓને પણ ફુટપાથની સુવિધા હેઠળ આવરી લેવામાં આવ્યા છે.પરંતુ જાળવણીના અભાવે ફુટપાથ કંગાળ ભાસી રહી છે. ફુટપાથ પર ઉગી નીકળેલા ઘાસની પણ સફાઈ કરવામાં આવતી નથી.જયારે ફુટપાથની જાળવણીના અભાવે વોક વે પર ઠેર ઠેર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. શિયાળાની ગુલાબી ઠંડી શરૂ થતા મોર્નિંગ વોક કરનારાઓને પણ હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

શહેરનુ રોડ નેટવર્ક અંદાજિત ૬૧૩ કી મી માં પથરાયેલુ છે. જયારે શહેરના મુખ્ય માર્ગો આસપાસ તેમજ સેકટરોને જોડતા આંતરિક માર્ગો આસપાસ ફુટપાથની આભા ઉભી કરવામાં આવી છે. શહેરમાં ફુટપાથની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે થોડા સમય અગાઉ તંત્ર દ્વારા સર્વે હાથ ધરી ફુટપાથનુ બાકી કામ પણ પુર્ણ કરી દેવામાં આવ્યુ હતુ. જેના અંતે નગરમાં મોટાભાગના માર્ગો આસપાસ વોક વે બનાવી દેવામાં આવ્યો છે.પરંતુ ફુટપાથની જાળવણીના નામે મીંડુ હોવાથી ફુટપાથ પાછળ ખર્ચાયેલા વોક વે નો કોઈ હેતુ સરતો નથી. ફુટપાથ આસપાસ ગંદકીના ઢગ ખડકાયેલા છે. જયારે ફુટપાથ પર નજર નાંખો ત્યાં ગાબડા જોવા મળે છે. મોટાભાગના ફુટપાથ નેટવર્ક પર જાડી જાંખરા ઉગી નિકળતા વોક વે પર ચાલવાનુ પણ આમ નાગરિકો માટે મુસીબતરૂપ બન્યુ છે. ફુટપાથના ગાબડા પુરવા તેમજ સફાઈનુ કામ હાથ ધરવાના નામે લાખો રૂપિયાનો ખર્ચ થાય છે. પરંતુ સ્થળ પર કોઈ કામગીરી દેખાતી નથી.

એકબાજુ શિયાળાની ગુલાબી ઠંડી શરૂ થઈ ગઈ છે ત્યારે વ્હેલી સવારે મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યા વધી રહી છે. ત્યારે કરોડોના ખર્ચે વિકસાવાયેલા વોક વે પણ આમ નાગરિકોના ઉપયોગમાં આવે નહી તેવી સ્થિતિ સર્જાઈ છે.





(તસવીર : કશ્યપ નિમાવત)

# ચૂંટણી તાલીમના કાર્યક્રમોનાં લીધે દિવાળી વેકેશન બગડશે

**શિક્ષકોને વેકેશન યોજનાઓ રદ કરવાની ફરજ : અત્યાર સુધી લગભગ ૨૦૦૦ પરીવારોએ બુકીંગ રદ કરાવ્યું**

અમદાવાદ, તા.૨૮

રાજયમાં નવેમ્બર મહીનામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ યોજવાની જાહેરાત થતા સરકારી શાળાઓનાં શિક્ષકોની દિવાળી વેકેશન યોજના પર પાણી ફરી વળ્યું છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણી આગામી ૨૨ અને ૨૯ નવેમ્બરનાં રોજ યોજાવાની છે. જો કે તે પહેલાં ચૂંટણીલક્ષી તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હોવાથી શિક્ષકોએ દિવાળી વેકેશનની યોજના બંધ કરવાની સાથે સાથે આ વખતે વેકેશન પણ ગુમાવવું પડે તેવી સ્થિતી સર્જાવા પામી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ પાછી ઠેલવામાં આવતા સરકારી શાળાનાં શિક્ષકો દ્વારા પરીવાર સાથે બહાર ફરવા જવાની યોજનાઓ તૈયાર કરી દેવામાં આવી હતી. જો કે હાઈકોર્ટની ફટકાર બાદ સફાળા જાગેલા ચૂંટણી પંચ દ્વારા આગામી નવેમ્બર મહિનામાં જ ચૂંટણીઓ યોજવાની જાહેરાત કરવામાં આવી છે. આ ચૂંટણી પ્રક્રિયામાં મોટી સંખ્યામાં સરકારી શાળાનાં શિક્ષકોને જવાબદારીઓ સોપવામાં આવનાર છે. જે માટે ચૂંટણી પહેલા એટલે કે દિવાળીનાં વેકેશનમાં જ ચૂંટણીલક્ષી તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે.

પરિણામ સ્વરૂપે દિવાળી વેકેશનમાં પરીવાર સાથે બહાર ફરવા જવાની યોજના ઘડી કાઢનાર શિક્ષકોની યોજના પર પાણી ફરી વળ્યું છે. એકલા અમદાવાદ જિલ્લામાં જ ૨૩ હજારથી વધુ શિક્ષકોને ચૂંટણીની કામગીરી સોપવામાં આવનાર છે.

# 'ખ' માર્ગને સિક્સલેન બનાવવાનુ કામ ડીસેમ્બરમાં શરૂ કરાશે

ગાંધીનગર તા ૨૮

શહેરના ખ માર્ગને સીકસ લેન બનાવવાનુ કામ હવે ડીસેમ્બર મહીનામાં શરૂ થશે. ખ માર્ગને સિક્સલેન બનાવવાની કાર્યયોજના અન્વયે વિભાગ દ્વારા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાયા બાદ જવાબદાર એજન્સીને વર્ક ઓડર આપવામાં આવ્યો નથી. જેના પરિણામે રસ્તાનુ કામ અટવાયુ છે.

**જવાબદાર એજન્સીને વર્ક ઓર્ડર ન અપાતા કામ અટવાયુ**

શહેરમાં રસ્તાના બાકી કામો શરૂ કરવાનુ ઠેકાણુ પડતુ નથી શહેરનો મુખ્ય ઘ માર્ગ મગરની પીઠ જેવો બની જતા વાહનચાલકોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. લાંબા સમયથી ઘ માર્ગને ચકાચક બનાવવાની વાતો થાય છે. પરંતુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી. શહેરના રોડ નં ૬ અને જી આઈ ડી સી ના રસ્તાનુ કામ પણ હજુ સુધી શરૂ કરવામા આવ્યુ નથી જયારે નગરના ખ માર્ગને સીકસલેન બનાવવાની કાર્યયોજના ઘણાં સમયથી તૈયાર કરી દેવામાં આવી છે. ખ માર્ગને સિકસલેન કરવા માટે જરૂરી ટેન્ડર પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે વિભાગ દ્વારા લાંબા સમયના અંતે પણ જવાબદાર એજન્સીને વર્ક ઓડર આપવામાં આવ્યો નથી. જેથી ખ માર્ગના વાઈડનીંગનુ કામ અટવાયુ છે. જયારે હવે ખ માર્ગને સિકસલેન બનાવવાનુ કામ શરૂ થતા હજુ દોઢ મહીના જેટલો સમય લાગી જશે. અલબત્ત 'ખ' માર્ગનુ કામ હવે ડિસેમ્બર મહીનામાં શરૂ કરવામાં આવશે.


**બેસણું**



અમારા પિતાશ્રી **દુર્ગાપ્રસાદ વિઠ્ઠલદાસ વ્યાસ** (રીટાયર્ડ કેબીનેટ યુનિટ, જીએડી)નું દુઃખદ અવસાન તા. ૨૫/૧૦/૨૦૧૫ને રવિવારના રોજ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું નીચેના સ્થળે સવારે ૯-૦૦ થી ૧૨-૦૦** દરમિયાન રાખેલ છે.

સ્થળ : સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજની વાડી, પોલીસ ચોકી સામે, સેક્ટર-૭સી, ગાંધીનગર.

લી.
**અલ્પેશ ડી. વ્યાસ**
મો. : ૯૮૨૪૦ ૨૮૪૮૦
તથા વ્યાસ પરિવાર

**ગાંધીનગર માટે**
LED T.V., LCD T.V., Colour T.V.
રીપેરીંગ માટે ફોન કરો
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬, મો. ૯૪૨૬૨ ૭૦૪૮૧

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત

**ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર**

| | |
|---|---|
| ગુજરાત ખાદી | ૨૫ % વળતર |
| ગુજરાત ખાદી તૈયાર કપડાં | ૨૫ % વળતર |
| પરપ્રાંત ખાદી | ૧૫ % વળતર |
| પરપ્રાંત ખાદી તૈયાર કપડાં | ૧૫ % વળતર |
| રેશમ ખાદી | ૧૫ % વળતર |

વ્હાઈટ મેટલ મૂર્તિઓ, ઓક્સોડાઈઝ બેંગલ બોક્સ, બાજઠ, ચંપલો, ગ્રામોદ્યોગના સાબુ, તલ તેલ, અનાજ, કઠોળ તેમજ ઘઉં, બાજરી, મઠ, અડદનો લોટ અને સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ

**ખાદી ગ્રામોદ્યોગ ભવન**
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૩૩૩
**ગૃહ વસ્તુ ભંડાર**
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૭૬૧
સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦
નોંધ : તા. ૧/૧૧ અને ૮/૧૧ને રવિવારે કેન્દ્રનું વેચાણ ચાલુ રહેશે.

Since 1986
अभय
ISO 9001:2008
• Corporate Gathering • Celebrations • Exhibitions • Marriage • Reception • Parties • Seminars
Y.A. Mansuri
M. : 9824049503
Sanjay S. Shah
P. Manubhai Medical
ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194
B/h. Videocon Factory,
Electronics Estate, GIDC,
Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com